

# કેરળનો મલપ્પુરમ જિલ્લો શું ત્રાસવાદનો ગઢ છે?

**સારાંશ**
★વિન્સી મરચન્ટ

ભારતમાં એક પણ રાજ્યમાં આજે માર્ક્સવાદી સામ્યવાદી કે અન્ય સામ્યવાદી પક્ષની સરકાર નથી. એક સમય હતો જેમાં પશ્ચિમ બંગાળ અને કેરળ (આજનું કેરળ) માર્ક્સવાદી સામ્યવાદી પક્ષના ગઢ ગણાતા. ગયા મે મહિનામાં કેરળમાં પીનરાઈ વિજયનની સામ્યવાદી પક્ષની સરકાર હારી ગઈ. ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (આઈયુએમએલ)ના સમર્થન વડે કોંગ્રેસના વી.ડી. સતીષન હાલમાં કેરળના મુખ્યમંત્રી છે. 1977બાદ પ્રથમ વખત બન્યું છે કે દેશમાં સામ્યવાદી પક્ષની ક્યાંય રાજ્ય સરકાર નથી. મે 2026 સુધી કેરળમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)ની સરકાર ટકી હતી. મે 2011માં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ વિધાનસભાની ચૂંટણી જીતી અને મમતા પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યાં ત્યારથી પશ્ચિમ બંગાળમાં સામ્યવાદી પક્ષનો મજબૂત કિલ્લો જમીનદોસ્ત થઈ ગયો છે. હમણાં સુધી સામ્યવાદી પક્ષ પર તેના વિરોધી પક્ષો, ખાસ કરીને ભારતીય જનતા પક્ષનો આક્ષેપ રહેતો હતો કે સામ્યવાદી પક્ષ મુસ્લિમ કટ્ટરવાદને પોષે છે. પરંતુ દેશમાં હિન્દુત્વનો જુવાળ ફેલાયો તેમાં કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ બન્ને પાયમાલ થઈ ગયા.

જો કે આજે કર્ણાટક, હિમાચલ અને તેલંગાણા, કેરળમાં તેની સત્તા છે અને કાશ્મીર તેમજ ઝારખંડમાં તે સત્તામાં ભાગીદાર છે. બંગાળમાં મમતા બેનરજીના મુસ્લિમ અપીઝમેન્ટને પ્રતાપે એમણે દયનીય હાલતમાં સત્તા ગુમાવવી પડી છે, અને હવે કેરળમાં સામ્યવાદી પક્ષના નેતા કહી રહ્યા છે કે કોંગ્રેસ શાસનમાં કેરળનો મલ્લાપુરમ જિલ્લો ઈસ્લામિક રૂઢીવાદ અને કટ્ટરપંથીઓનો ગઢ બની ગયો છે. આ રીતે મમતા અને સોનિયાએ અને એમની કોંગ્રેસોએ સામ્યવાદી પક્ષને સારો કહેવડાવ્યો છે. બન્ને પક્ષો ધર્મનિરપેક્ષતાના તથાકથિત (આ સિદ્ધાંતને તેઓ વરેલા છે એમ તેઓ કહે છે) સિદ્ધાંતની પોતાના સ્વાર્થ માટે કચુંબર કરી નાખી છે, જે પશ્ચિમ બંગાળમાં મમતાના શાસન વખતે થતું હતું તે આજે કેરળમાં મુસ્લિમ લીગના સહકારમાં બની રહ્યું એવો તેનો અર્થ થાય. કેરળ સરકારની કેબિનેટમાં છ પ્રધાનો મુસ્લિમ લીગના છે. કેરળમાં કુલ 21 પ્રધાનોની કેબિનેટ છે.

પૂર્વ વિધાનસભ્ય અને સીપીએમના આઠ નેતા પી. નંદકુમારે ગયા શનિવારે કહ્યું કે, "મલપ્પુરમ જિલ્લો રૂઢીવાદીઓ અને આતંકવાદીઓનું કેન્દ્ર બની ગયો છે." જો પી. નંદકુમારનું વિધાન સાચું હોય તો ફોકસ હવે વાયનાડથી મલપ્પુરમ તરફ ખસ્યું છે. જાણકારો કહે છે કે કેરળમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પગપેસારો કરી રહ્યો છે અને દુનિયા પણ ધાર્મિક અંતિમવાદનો મોટા પાયે વિરોધ કરી રહી છે ત્યારે માર્ક્સવાદી સામ્યવાદી પક્ષ મુસ્લિમ સમાજનાં કટ્ટર તત્વોથી પોતાને અલગ કરી રહ્યો છે. આમેય જે કટ્ટર તત્વો છે તે કોંગ્રેસમાં ભળી ગયા છે અથવા કોંગ્રેસને ટેકો આપી રહ્યા છે. સામ્યવાદી પક્ષ મુસ્લિમ સમાજના ધર્મનિરપેક્ષ લોકોને વિશ્વાસમાં અને સાથે લેવા માગે છે અને અંતિમવાદી વિચારધારાને સીપીએમ દ્વારા ધિક્કાર અપાઈ રહ્યો છે. સીપીએમનું કહેવું છે કે મુસ્લિમ લીગ પર જમાતે-ઈસ્લામીનો પ્રભાવ ખૂબ વધી ગયો છે અને આ પ્રભાવ મુસ્લિમ લીગને ધર્મનિરપેક્ષતાની રાજનીતિ છોડવાની અને વધુ આક્રમક વલણ અપનાવવાની ફરજ પાડી રહ્યો છે. સીપીએમના નેતાઓમાં આ મુદ્દા પરના વિચારો હજી અસમંજસભર્યા છે, સ્પષ્ટ નથી. કેરળના હિન્દુઓ અને ખ્રિસ્તીઓનો એક મોટો વર્ગ હજુ બિનસાંપ્રદાયિકતામાં માને છે. મુસ્લિમ કટ્ટરવાદની આળપંપાળ કરીને સામ્યવાદી પક્ષ એ મતદારને ગુમાવવા માગતો નથી. આજના સોશિયલ મીડિયાના યુગમાં દુનિયાભરના સમાચારો જોતજોતામાં દુનિયાના લગભગ દરેક નાગરિક સુધી પહોંચી જાય છે. લોકો રિયલ ટાઈમમાં આપસમાં ચર્ચા કરે છે, માહિતી અને વિચારોની આપ-લે કરે છે. આ સમયમાં કોઈ પણ સંપ્રદાય કે ધર્મની વિચારધારાઓની ગૂઢી વાતો કરીને લોકોને કાયમ માટે ભ્રમમાં રાખવાનું શક્ય રહ્યું નથી. અગાઉ શક્ય હતું, કદાચ ભવિષ્યમાં પણ શક્ય રહેશે, તો પણ એ ભ્રમની આવરદા લાંબી રહેવાની નથી.

મુસ્લિમો સાથે મળીને કોંગ્રેસ ધર્મનિરપેક્ષતાની છત્રી હેઠળ બિનસાંપ્રદાયિક લોકોને મતદારો તરીકે જોડી રાખવા માંગે છે. આ મુખ્ય કારણ છે કે રાહુલ ગાંધી ક્યારેય ધાર્મિક કટ્ટરતાનો દિલ ખોલીને વિરોધ કરતા નથી. પરંતુ નેતાની પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ પાછળનાં કારણો મતદારો હવે સમજવા માંડ્યા છે. આ સ્થિતિમાં કેરળના હિન્દુઓને બિનસાંપ્રદાયિક કે તટસ્થ બનાવી રાખવા એ કહેવાતી સેક્યુલર પાર્ટીઓ માટે પડકાર છે. સીપીએમમાં મુસ્લિમ નેતાઓ પણ છે. તેના ભૂતપૂર્વ વિધાનસભ્ય કે.ટી. જલીલને પી. નંદકુમારનું વિધાન જોખમી જણાયું. વિધાનો પર વિધાનોની લેતીદેતી શરૂ થઈ. જલીલે કહ્યું કે મલપ્પુરમ જિલ્લો બિનસાંપ્રદાયિક છે, માટે સમગ્ર જિલ્લાને નિશાન બનાવવો જોઈએ. જ્યારે કોઈના વિધાનનો કોઈએ વિરોધ કરવો હોય તો આ હથિયાર સામાન્યપણે અજમાવવામાં આવે છે. ધર્મનિરપેક્ષતાની છત્રી હેઠળ બિનસાંપ્રદાયિક લોકોને મતદારો તરીકે જોડી રાખવા માગે છે. આ મુખ્ય કારણ છે કે રાહુલ ગાંધી ક્યારેય ધાર્મિક કટ્ટરતાનો દિલ ખોલીને વિરોધ કરતા નથી. પરંતુ નેતાની પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ પાછળનાં કારણો મતદારો હવે સમજવા માંડ્યા છે. આ સ્થિતિમાં કેરળના હિન્દુઓને બિનસાંપ્રદાયિક કે તટસ્થ બનાવી રાખવા એ કહેવાતી સેક્યુલર પાર્ટીઓ માટે પડકાર છે.

સીપીએમમાં મુસ્લિમ નેતાઓ પણ છે. તેના ભૂતપૂર્વ વિધાનસભ્ય કે.ટી. જલીલને પી. નંદકુમારનું વિધાન જોખમી જણાયું. વિધાનો પર વિધાનોની લેતીદેતી શરૂ થઈ. જલીલે કહ્યું કે મલપ્પુરમ જિલ્લો બિનસાંપ્રદાયિક છે, માટે સમગ્ર જિલ્લાને નિશાન બનાવવો જોઈએ. જ્યારે કોઈના વિધાનનો કોઈએ વિરોધ

**આ સ્થિતિમાં કેરળના હિન્દુઓને બિનસાંપ્રદાયિક કે તટસ્થ બનાવી રાખવા એ કહેવાતી સેક્યુલર પાર્ટીઓ માટે પડકાર છે**

કરવો હોય તો આ હથિયાર સામાન્યપણે અજમાવવામાં આવે છે. સમગ્ર જ્ઞાતિનું, રાજ્યનું, દેશના નાગરિકોની બુદ્ધિના અપમાન તરીકે ગણાવીને વળતો પ્રહાર થતો હોય છે. સીપીએમની યુવા પાંખ, જે ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડીવાયએફઆઈ) તરીકે ઓળખાય છે, તેના કેરળના સેક્રેટરી એમ. વિજિને કહ્યું કે તેમનું સંગઠન નંદકુમાર જે કહે છે તેની સાથે સહમત નથી. મલપ્પુરમ બિનસાંપ્રદાયિકતાવાદની ભૂમિ છે. સીપીએમના સ્ટેટ સેક્રેટરી દશકમાં આઝાદીની લડાઈમાં મલપ્પુરમ જિલ્લાએ અગ્રેસર ભાગ ભજવ્યો હતો. અમુક ઐતિહાસિક જૂઠાણાં આજે પણ કોંગ્રેસ અને સીપીએમ આજે સાથે મળીને ચલાવે છે. વાસ્તવમાં 1921ની સાલમાં કોઈ ભારતીય હેતુ વગર ભારતના મુસ્લિમો હોવાને નાતે તુર્કિયેના ખિલાફત આંદોલનમાં જોડાયા હતા. ચાલો, તેમાં પણ વાંધો નથી. તેઓ તુર્કીમાં ઓટોમન શાસકોને એમનું રાજ્ય ઈસ્લામના ખલીફ તરીકે ટકાવી રાખવા માગતા હતા. એ આંદોલનમાં કેરળના મુસ્લિમોએ હિન્દુઓનું ધર્માંતરણ કરવા અમાનુષી કત્લેઆમ ચલાવી હતી. હજારો હિન્દુઓની બેરહમ કતલ થઈ અને હજારો અને લાખોના ધર્મનું પરિવર્તન કરાયું અને લાખો વિસ્થાપિતો બની ગયા. અનેક લોકોએ બ્રિટિશ અધિકારીઓને પત્ર લખીને આ ઘટનાની જાણ કરી. પરિણામે સ્થાનિક મોપલા મુસ્લિમો ભાગીને જંગલોમાં જતા રહ્યા હતા, જ્યાં 400જેટલા મુસ્લિમોને બ્રિટિશ પોલીસે ઠાર કર્યા હતા. સરકારને ખબર આપી એક્શન લેવાની અરજ કરનારાઓમાં એક કોંગ્રેસના સ્થાપક અને કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ એની બીસન્ટ હતા. પરંતુ મોહનદાસ કરમચંદ ગાંધીએ આ સંહાર વિશે એ દિવસોમાં મુસ્લિમ તરફી નિવેદનો આપ્યાં એટલે શ્રીમતી એની બીસન્ટ અને શ્રી બાબાસાહેબ આંબેડકરે ગાંધીની આકરી ટીકા કરી હતી. ગાંધી બોલ્યા હતા કે હિન્દુઓએ સહન કરતાં શીખવું જોઈએ અને મોપલાઓ સામે કોઈ પૂર્વગ્રહ રાખવો જોઈએ નહીં. ભારતમાં જેઓ ખિલાફત આંદોલનની આગેવાની લઈ રહ્યા હતા, એ મુસ્લિમ નેતાઓ, જેમાં મૌલાના આઝાદ પણ એક હતા, તેમણે મોપલાઓને અભિનંદન આપતો ઠરાવ પસાર કર્યો હતો. તેઓએ ધર્મપરિવર્તનને સ્વૈચ્છિક ગણાવ્યું હતું. હજારોની કતલ થઈ તે બાબતે ગાંધી મૌન રહ્યા. આ અને આવી ઘણી સત્ય હકીકતોથી કેરળના લોકો હવે વાકેફ થઈ રહ્યા છે. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે કેરળમાં લગભગ 55 ટકા હિન્દુઓ છે. 27 ટકા મુસ્લિમો, 18 ટકા ખ્રિસ્તીઓ છે. બધા હિન્દુઓ વિચારોથી ક્યારેય એક થવાના નથી. નજીકના ભવિષ્યમાં નથી થવાના. પણ તેઓનો અમુક હિસ્સો નારાજ થાય તો કોઈને સત્તા પર આવતા અટકાવી શકે છે. 1920થી 24ના ખિલાફત આંદોલનને આઝાદીની લડત તરીકે પવિત્ર ગણાવવાના પ્રયત્નો થાય છે. અમુક સામ્યવાદી નેતાઓ હળવા સ્વરે નંદકુમારને ટેકો આપી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી અને સામ્યવાદી પક્ષના આગેવાન પીનરાઈ વિજયન કહે છે કે નંદકુમારના શબ્દોને ટ્વિસ્ટ કરવામાં આવ્યા છે. વિજયને આડકતરી રીતે નંદકુમારનો બચાવ કર્યો છે. મૂળ અને મહત્ત્વનો મુદ્દો અંતિમવાદી વિચારધારાની ખીલવણીનો છે. તે બાબતમાં તો કોંગ્રેસ જ જવાબ આપી શકે.

